1. વિકાસ એટલે શું?

- વિકાસ એ એક જટિલ ખ્યાલ છે જે કે આર્થિક, પર્યાવરણ, ટેકનોલોજી, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પાસાઓમાં થતી વૃદ્ધિ દર્શાવે છે.

2. આયોજન પંચ શા માટે રદ કરાયું ?

- જવાહરલાલ નહેરુની સરકારે સમાજવાદી ઢબે દેશનો વિકાસ થાય તે માટે આયોજન પંચની રચના કરી હતી. પરંતુ, 1991 પછીના વૈશ્વિક કક્ષાના નવપ્રવાહો સામે આયોજનપંચ કરતા વધુ મોકળાશવાળી સંસ્થાની જરૂરિયાત ઉદ્ભવતા આયોજન પંચ રદ કરાયું.

3. નીતિ આયોગની રચના શા માટે કરાઈ?

- નવી અર્થનીતિ સાથે ભારતને વિશ્વમાં યોગ્ય સ્થાન પ્રાપ્ત થાય તેવા હેતુથી "નીતિ આયોગ"ની રચના કરવામાં આવી.

4. મહિલા વિકાસ એટલે શું?

- મહિલા વિકાસ અને સમાજમાં મહિલાઓને પુરૂષ સમાન લાવવાની પ્રક્રિયા. જેમાં મહિલાઓ પ્રત્યે ભેદભાવભર્યું વર્તન ન દાખવવું, સમાન કામ માટે સમાન વેતન, આરોગ્યની જાળવણી, કોઈપણ પ્રકારનું શોષણ ન થાય, પ્રસૂતિ સમયે ચાલુ પગારે રજાઓ અપાય વગેરે જેવી બાબતો સંકળાયેલી છે.

5. મહિલા સશક્તિકરણ એટલે શું?

- મહિલા સશક્તિકરણ એટલે "મહિલાઓને નિર્ણય પ્રક્રિયાના ઘડતરમાં અને તેના અમલમાં ભાગીદાર બનાવી, પંચાયતથી પાર્લામેન્ટ સુધીની તમામ રાજકીય નિર્ણય લેનાર સંસ્થાઓમાં તેમજ સરકારી માળખામાં મહિલાઓની સામેલગીરી કરવાની માંગ એટલે મહિલા સશક્તિકરણ." અથવા મહિલા સશક્તિકરણ એટલે મહિલાઓ પોતાના હકો તથા હિતોની જાળવણી માટે બીજા પર આધાર ન રાખે અને સ્વાવલંબી બને તેને સશક્તિકરણ કહે છે.

6. સ્વતંત્ર ભારતે કયું સ્વપ્ન જોયું છે ?

- સ્વતંત્ર ભારતે રાજકીય લોકશાહી સાથે આર્થિક અને સામાજિક વિકાસનું સ્વપ્ન જોયું છે.

7. અબ્રાહમ લિંકને આપેલ લોકશાહીની વ્યાખ્યા લખી જણાવો.

- "લોકશાહી એ લોકોની, લોકો માટે અને લોકો વડે ચાલતી સરકાર છે."

8. આર્થિક વિકાસ કઈ બાબતોનો નિર્દેશ કરે છે?

- આર્થિક વિકાસ રાષ્ટ્રની રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક, રોજગારીની વધતી તકો, ઔદ્યોગિકરણ, આધુનીકરણ અને શહેરીકરણનો નિર્દેશ કરે છે.

9. આયોજન પંચની રચના કોને કરી હતી ?

- 1950માં ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ કેબિનેટના ઠરાવથી આયોજન પંચની રચના કરી હતી.

10. નીતિ આયોગમાં ખાસ આમંત્રિત તરીકે કોનો સમાવેશ કરવામાં આવે છે ?

- નીતિ આયોગના સંગઠનમાં ખાસ આમંત્રિત તરીકે સંબંધિત જ્ઞાન ધરાવનાર નિષ્ણાંતો, વિશેષજ્ઞો અને પ્રેક્ટિશનરની નિમણૂક આમંત્રિત તરીકે કરવામાં આવે છે.

11. 1991 માં ભારત સરકારે દેશના વિકાસ માટે કઈ ત્રણ બાબતો સ્વીકારી ?

- 1991 માં ભારત સરકારે દેશના વિકાસ માટે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણ અંગેની બાબતો સ્વીકારી.

12. લોકશાહીમાં મહાત્મા ગાંધીજીએ કઈ બાબત ઉપર ભાર મૂક્યો હતો?

- લોકશાહીમાં મહાત્મા ગાંધીજીએ સત્તાના વિકેન્દ્રી કરણ અને નિમ્નસ્તરના લોકોના સશક્તિકરણ ઉપર ભાર મૂક્યો હતો.

13. જીલ્લાકક્ષાએ કઈ ને કઈ માહિતી પ્રાપ્ત થાય છે?

- જીલ્લા કક્ષાએ મહેસૂલ, જમીન રેકર્ડ, સિંચાઈ, રહેઠાણો, રસ્તાઓ, વીજળીકરણ, સામાજિક સેવાઓ (શિક્ષણ, આરોગ્ય) વગેરેની માહિતી પ્રાપ્ત થાય છે.

14. દેશમાં ક્યારથી પંચવર્ષીય યોજનાઓનું ઘડતર બંધ કરવામાં આવશે ?

- ભારતમાં 2017 થી પંચવર્ષીય યોજનાઓનું ઘડતર બંધ કરવામાં આવશે. (એ નીતિઆયોગ તે અંગે કાર્ય કરશે.)

15. વિકાસના સંદર્ભમાં પ્રો.જહોન રોલ્સના વિચારો સ્પષ્ટ કરો.

- પ્રો. જહોન રોલ્સના ન્યાયના સિદ્ધાંત પ્રમાણે સમાજના પાછળ રહી ગયેલા લોકોને વધુ મદદ કરવામાં આવે તો એ અન્યને અન્યાય ગણાતો નથી.

16. ભારતમાં નબળા વર્ગોમાં કોનો સમાવેશ થાય છે?

- ભારતમાં નબળાં વર્ગોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત વર્ગો, મહિલાઓ, લઘુમતિઓ, બાળકો અને દિવ્યાંગોનો સમાવેશ થાય છે.

17. અનુસૂચિત જાતિઓના ઉત્કર્ષ માટે કોને પ્રયત્ન કર્યા છે?

- અનુસૂચિત જાતિઓના ઉત્કર્ષ માટે ધર્મ સુધારકો, સમાજ સુધારકો અને સ્વાતંત્ર સંગ્રામના નેતાઓએ અનેક પ્રયત્ન કર્યા.

18. રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો કઈ બાબતનું માર્ગદર્શન આપે છે ?

- રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નબળા સમુહોના રક્ષણ અને કલ્યાણ માટે રાજયને માર્ગદર્શન આપે છે.

19. અન્ય પછાત વર્ગો માટેના કોપોરેશને કયા  કયા કાર્યો સ્વીકાર્યા છે ?

- અન્ય પછાત વર્ગો માટેના કોર્પોરેશને પછાત જ્ઞાતિઓના બાળકો માટે શિષ્યવૃત્તિ, છાત્રાલયોની સગવડ, જાહેર પરીક્ષાઓ માટે કોચિંગની સગવડો અને આ ક્ષેત્રે કાર્યરત NGO  મદદ કરવાનું સ્વીકાર્યું છે.

20. બંધારણીય સુધારામાં મહિલાઓ માટે કઈ ફરજ સ્પષ્ટ કરાઈ છે?

- 1976ના બંધારણીય સુધારા હેઠર મહિલાઓની ગરિમા અથવા ગૌરવને હાનિ પહોંચાડે કે અપમાનિત કરે એવો વ્યવહાર નહી કરવાની પ્રત્યેક નાગરિકની ફરજ દર્શાવવામાં આવી છે.

21. શિક્ષણક્ષેત્રે રોજગારી માટે મહિલાઓને કેટલું અનામત અપાય છે ?

- ગુજરાતમાં પ્રાથમિક શાળાઓમાં મહિલામાં માટે 33 % અનામત રખાય છે.

22. મહિલા પંચ કયું કાર્ય કરે છે?

- મહિલા પંચ મુખ્યત્વે મહિલાઓના વિકાસ અને સુરક્ષા માટે ચિંતન કરી સરકારને સૂચનો આપે છે.

23. ભારતમાં સ્ત્રીપુરૂષના સાક્ષરતાનું પ્રમાણ જણાવો.

- ભારતમાં પુરુષોનું સાક્ષરતાનો દર 82.14 % અને સ્ત્રીઓમાં આ દર 65.46 % છે.

24. ઈન્દિરા મહિલા યોજનાનો મુખ્ય હેતુ કયો છે?

- ઈન્દિરા મહિલા યોજનાનો મુખ્ય હેતુ પાયાના સ્તરે મહિલાઓને સંગઠિત કરીને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવાનો છે.

25. 2005ના હિન્દુ વારસા ધારામાં કયો સુધારો કરાયો ?

- 2005ના હિન્દુ વારસા ધારામાં પુત્રીને પુત્રની જેમ જ પિતાની મિલકતમાં ભાગીદાર બનાવવા અંગે સુધારો કરાયો.

26. મહિલા કલ્યાણ અને વિકાસ માટેના પ્રયાસો કયા સ્વરૂપે થાય છે?

- મહિલા કલ્યાણ અને વિકાસ માટેના પ્રયાસો બે સ્વરૂપે થાય છે. (1) કાયદાના ઘડતર અને તેનો અમલ (2) કલ્યાણકારી કાર્યક્રમો ઘડવા અને તેનો અમલ.

27. ભારત સરકારે ઈ.સ.1994માં મહિલાઓના હિતમાં કયો કાયદો ઘડ્યો છે ?

- ગર્ભપરીક્ષણ પ્રતિબંધ ધારો.

28. મહિલા સશક્તિકરણની આધારશિલા કઈ છે?

- કન્યા કેળવણી.

29. કયા કયા બંધારણીય સુધારાથી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને બંધારણીય દરજ્જો મળ્યો ?

- સુધારો 73માં અને 74મો.

30. નીતિ આયોગ એ કેવી સંસ્થાઓ છે ?

- નીતિ આયોગએ કેન્દ્ર અને રાજયોના સહયોગથી વિકાસ માટેની નીતિ ઘડનાર અને મતભેદ નિરાકરણ કરનારી સંસ્થા છે.